SC/38/2009 ORDER

## આંક–૧૦૧૪ હેઠળ હુકમ

(૧) આ કામે નાયબ અધિક્ષક, અમદાવાદ મધ્યસ્થ જેલનાઓએ આ અદાલત સાથે ઉપરોકત આંક વાળો પત્રવ્યવહાર કરી એવી રજુઆત કરેલી છે કે સિરીયલ બોમ્બ બ્લાસ્ટ કેસના આરોપીઓ કે જેઓ પર ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૬૮ ના પ્રતિબંધાત્મક હુકમો લગાવવામાં આવેલ છે તેઓને વિડીયો કોન્ફરન્સ તેમજ ઈન્ટરનેટના માધ્યમથી અન્ય કોર્ટમાં રજુ કરવાના રહેશે, તેવું સરકારમાં ઉચ્ચ કક્ષાએ નિર્ણિત થયેલું છે અને સદરહું હકીકતની જાણ આ અદાલતને આ પત્ર વ્યવહાર થકી સરકાર તરફે જેલ ઓથોરીટીએ કરેલ છે. આ સાથે જેલ ઓથોરીટી પર આવેલ બે પત્રો પણ આ કામે રજુ કરેલા છે.

(૨) સરકાર તરફે વિ.સ્પે.પી.પી.શ્રી એમ.આર.અમીને આ અરજી ઉપર શેરો કરી અરજી આપનારને કોર્ટ સમક્ષ હાજર રાખવા સારૂ મુદ્દત માંગેલ છે પરંતુ અરજી કરનારે આ આંક–૧૦૧૪ વાળા પત્રમાં માત્ર સહી કરેલી છે, પોતાનું નામ લખેલું નથી.

વળી વધુમાં સાથે રજુ કરેલ પત્ર વ્યવહાર ધ્યાન ઉપર લેવામાં આવે ત્યારે એવી હકીકત સ્પષ્ટ થાય છે કે સરકાર દ્વારા આ કામના આરોપીઓને ઈન્ટરનેટના માધ્યમથી તથા વિડીયો કોન્ફરન્સના માધ્યમથી રજુ કરવા, તેવો નિર્ણય લેવાયેલ છે.

(૩) આ અદાલતના વિનમ્ર મંતવ્ય અનુસાર ઉપરોકત નિર્ણય આવકાર્ય છે પરંતુ આ નિર્ણયના યથાર્થ અને અર્થપૂર્ણ અમલ કરવા સારૂ આ આરોપીઓના કેસો ભારતની જે, જે, અદાલતોમાં ચાલે છે તે તમામ અદાલતો સાથે વિડીયો કોન્ફરન્સની કનેકટીવીટી છે કે કેમ તથા તે અદાલતોમાં ઈન્ટરનેટ થકી વિડીયો કોન્ફરન્સની સુવિધા ઉપલબ્ધ છે કે કેમ, તેની તપાસ પ્રથમ થવી આવકાર્ય હતી અને તેવી તપાસની વિગતો અદાલતના રેકર્ડ ઉપર આવ્યેથી આ પ્રકારનો લેવાયેલ જનરલ હુકમ જેલ સત્તાવાળાઓ દ્વારા અમલમાં મુકી શકાયો હોત પરંતુ આવી કોઇ માહિતીના અભાવે આ પ્રકારનો જનરલ હુકમ નિરર્થક બની રહે અને તે ન્યાયના હિતને પણ વિપરીત અસર કરે તેમ છે. વળી વધુમાં આવા હુકમ થકી જેલ સત્તાવાળાઓ આરોપીને અન્ય અદાલતમાં ન મોકલે જેથી નામદાર સુપ્રિમ કોર્ટમાં રાજય દ્વારા કહેવાયેલ વાત ખોટી પડે, તેવું આ અદાલત માને છે.

(૪) આ તબક્કે એ વિસરી શકાય નહીં કે આ અદાલત દ્વારા આરોપીઓના પ્રોડકશન વોરન્ટ સંદર્ભે જુદી, જુદી કોર્ટમાં આરોપીઓને ઉપસ્થિત રાખવાના જે હુકમો કરવામાં આવે છે તે તમામ હુકમોમાં આ અદાલતે નોંધેલું છે તેમ રીટ પીટીશન નં.૧૪/ ૨૦૧૦ ના કામે રાજય સરકાર દ્વારા નામદાર સુપ્રિમ કોર્ટ રૂબરૂ એક સ્ટેટમેન્ટ કરવામાં આવેલું છે અને સદરહું સ્ટેટમેન્ટનું પાલન થાય તે જોવું પણ આવકાર્ય છે.

ઉપરોકત સંજોગો તથા હકીકતો ધ્યાને રાખતાં વિ.સ્પે.પી.પી. શ્રી એમ.આર.અમીન જણાવે છે તેમ આ કામે આ પત્ર વ્યવહાર કરનાર અધિકારીને અદાલત રૂબરૂ ઉપસ્થિત રાખવા માટે મુદ્દત આપવાની કોઇ જરૂરીયાત ન્યાયના

હિતમાં જણાઇ આવતી નથી. વળી ઉપરોકત કરેલ ચર્ચા સંદર્ભે રાજય સરકાર દ્વારા જેલ સત્તાવાળાઓને લખાયેલ પત્રની નોંધ લેવાની પણ આ અદાલતને કોઇ આવશ્યકતા દેખાતી નથી કેમ કે તેવી નોંધ લઇ જેલ પ્રોડકશન વોરંટ સંદર્ભે હુકમ ન કરવાની નામદાર સુપ્રિમ કોર્ટ રૂબરૂનાં સ્ટેટમેન્ટનો ભંગ થાય છે. સિવાય કે જેલ સત્તાવાળાઓ દ્વારા સ્પષ્ટપણે રેકર્ડ ઉપર કઇ અદાલતોમાં ઇન્ટરનેટની કનેકટીવીટી તથા વિડીયો કોન્ફરન્સની કનેકટીવીટી સુવિધા ઉપલબ્ધ છે, તેની વિગતો રેકર્ડ ઉપર મુકવામાં આવે.

ઉપરોકત ચર્ચા તથા જણાવેલ સંજોગો તથા હકીકતો લક્ષમાં લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવેલ છે.

**હુ ક મ**

(૧) આ અદાલત આ કોરસપોન્ડસ માત્ર દફતરે કરે છે અને તેની કોઇ ન્યાયિક નોંધ લેતી નથી, તે આથી સ્પષ્ટ કરવામાં આવે છે.

(૨) આ હુકમની યાદી (એ) નાયબ અધિક્ષક, અમદાવાદ મધ્યસ્થ જેલ,અમદાવાદ (બી) શ્રી એન.ડી.નિસરતા, સેકશન અધિકારી, ગૃહ વિભાગ, ગુજરાત રાજય, ગાંધીનગર (સી) શ્રી પી.સી.ઠાકુર, અધિક પોલીસ મહાનિર્દેશક અને જેલોના ઇન્સ્પેકટર જનરલ, ગુજરાત રાજય, અમદાવાદ (ડી) શ્રી કે.કે.ગામીત, વહીવટી અધિકારી, જેલોના ઇન્સ્પેકટર જનરલની કચેરી, ગુજરાત રાજય, અમદાવાદનાઓને મોકલી આપવાનો હુકમ કરવામાં આવે છે.

(૩) ઉપરોકત ચર્ચાએ જેલ સત્તાવાળાઓએ મોકલેલ આ પત્ર તથા તેની સાથેના દસ્તાવેજો દફતરે કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૧૮ મી માહે–જુલાઇ, સને–૨૦૧૩ ના રોજ ચાલુ વિડીયોગ્રાફી દરમ્યાન આ કેસના તમામ સંલગ્ન વિ.વ.શ્રીઓ તથા જેલરશ્રીની હાજરીમાં ખુલ્લી અદાલતમાં લખાવી જાહેર કર્યો.

તા.૧૮/૭/૨૦૧૩

(જયોત્સના યાજ્ઞિક)
વિશેષ ન્યાયાધીશ,
ડેઝીગ્નેટેડ કોર્ટ ફોર સીરીયલ–
બોમ્બ બ્લાસ્ટ કેસીસ,
કેમ્પ–અમદાવાદ.

યુનીક આઇડી કોડ નં.જીજે૦૦૦૨૪

પી.જે.રાઠોડ